**ડાયરેકટર જનરલ, હોમગાર્ડઝ, ગુજરાત રાજય, અમદાવાદના મહેકમ પરની જુનીયર સ્ટાફ ઓફીસર, વર્ગ-૨ ની એક હંગામી જગ્યાને કાયમી જગ્યામાં રૂપાંતર કરવા બાબત.**

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ,
**ઠરાવ ક્રમાંકઃહગદ/૧૦૨૦૦૯/૧૮૬૩/ફ.**
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૬/૧૦/૨૦૧૫.

**વંચાણે લીધાઃ-**

(૧) ગૃહ વિભાગના તા.૭/૫/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંકઃહગદ/૧૦૨૦૦૯/૧૮૬૩/ફ.
(૨) ગૃહ વિભાગના તા.૨/૧૨/૨૦૧૪ નો સરખા ક્રમાંકનો ઠરાવ.
(૩) ડાયરેકટર જનરલશ્રી, હોમગાર્ડઝ, ગુજરાત રાજય, અમદાવાદના તા.૧૧/૯/૨૦૧૫ પત્ર ક્રમાંકઃ-કજ/મકમ/૧૬૦૪/૨૩૩૯/૨૦૧૫.

**ઠ રા વઃ-**

ઉકત ક્રમાંક (૧) માં દર્શાવેલ વિભાગના તા.૭/૫/૨૦૧૦ ના ઠરાવથી ડાયરેકટર જનરલશ્રી, હોમગાર્ડઝ, ગુજરાત રાજય, અમદાવાદના મહેકમ પર જુનીયર સ્ટાફ ઓફીસર, વર્ગ-૨ (પગાર ધોરણ ૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ પે-૪૬૦૦/-) ની ૦૧ (એક) હંગામી જગ્યા ઉભી કરવામાં આવેલ હતી. જે જગ્યાઓની મુદત વખતો વખત લંબાવવામાં આવેલ છે. છેલ્લે ઉકત ક્રમાંક(૨) ના હુકમથી આ જગ્યાને તા.૨૯/૨/૨૦૧૬ સુધી હંગામી જગ્યા તરીકે ચાલુ રાખવામાં આવેલ છે. ડાયરેકટર જનરલ, હોમગાર્ડઝ, ગુજરાત રાજય, અમદાવાદની ઉકત ક્રમાંક (૩) માં દર્શાવેલ પત્ર અન્વયે જુનીયર સ્ટાફ ઓફીસર, વર્ગ-૨ ની હંગામી જગ્યાને કાયમી જગ્યામાં રૂપાંતર કરવા અંગેની દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

કાળજીપૂર્વકની વિચારણાના અંતે ડાયરેકટર જનરલશ્રી, હોમગાર્ડઝ, ગુજરાત રાજય, અમદાવાદના મહેકમ પરની જુનીયર સ્ટાફ ઓફીસર, વર્ગ-૨ (પગાર ધોરણ ૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ પે-૪૬૦૦/-) ની ૦૧ (એક) હંગામી જગ્યા ઘણા સમયથી ભરાયેલ હોય તથા જગ્યાની જરૂરીયાત અને અગત્યતાને ધ્યાને લઇને નીચેની શરતોને આધીન કાયમી જગ્યામાં રૂપાંતર કરવાની આથી મંજુરી આપવામાં આવે છે.

**શ ર તોઃ-**

(૧) આ અંગે થનાર ખર્ચ માંગણી ક્રમાંક ૪૬ મુખ્ય સદર ૨૦૭૦ અન્ય વહીવટી સેવાઓ, ગૌણસદર-૧૦૭ ગૃહરક્ષક દળ, પેટાસદર-૦૧ હેઠળ જે તે વર્ષના અંદાજપત્રમાં મંજુર થનાર અનુદાનમાંથી મેળવવાનો રહેશે.
(૨) આ અંગે થનાર ખર્ચ પેટે ૨૫ % રકમ કેન્દ્ર સરકાર પાસેથી સમયસર મજરે મેળવવાની જવાબદારી ડાયરેકટર જનરલશ્રી, હોમગાર્ડઝ, ગુજરાત રાજય, અમદાવાદની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં સલાહકારશ્રી(ગૃહ) ની તા.૫/૧૦/૨૦૧૫ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(ઉમેશ શર્મા)**
સેકશન અધિકારી
ગૃહ વિભાગ.

પ્રતિ,

૧. ડાયરેકટર જનરલશ્રી, હોમગાર્ડઝ, ગુજરાત રાજ્ય, શાહીબાગ, અમદાવાદ.
૨. પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ.
૩. એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
૪. નાણાં સલાહકારશ્રી, (ગૃહ) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૫. બજેટ શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૬. શાખા સિલેકટ ફાઇલ.